PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/પર/કવા–૦૨/૧૬–૧૭/ ૮૪૩૭ તા. ૨૦/૦૯/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જાદવભાઈ દેવાભાઈ મોલીયા,
C/O, હસમુખ એમ. મોલીયા,
અવન્તીકા કોમ્પલેક્ષ, બીજા માળે,,
લીમડા લેન,
જામનગર
મો: ૯૪૨૮૩ ૩૬૬૪૮

વિષય :–પાવર સપ્લાય બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :પર/કવા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.–.૨.)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 04/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૫૨/ક્વા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૨–૦૯–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

## પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: જાદવભાઈ દેવાભાઈ મોલીયા,ગામ: જગા,

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે, તેમના પૌત્ર હરસુખભાઈ મનસુખભાઈ મોલીયા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

## પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (ઈસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એચ.એસ.દુધાગરા, કાર્યવાહક કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

### ફરીયાદ : પાવર સપ્લાય બાબત

### મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના ગામઃ જગા મેડી ખાતે આવેલ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૬૬૦/૦૧૦૨૨/૬ મા, તેઓએ વીજભાર વધારો મંજુર કરી અને જોડાણ ને ૧૮ હોપા નુ કરેલ છે. પરંતુ, પીજીવીસીએલ તરફથી તેઓને નવુ ટ્રાન્સફોર્મર આપવાને બદલે, સદર ખેતીવાડી વીજગ્રુપ ના હૈયાત ટ્રાન્સફોર્મર ની એલ.ટી.લાઈન માથી પાવર સપ્લાય આપવામા આવે છે. આવા કારણોસર આ ટ્રાન્સફોર્મર વારંવાર બળી જાય છે. નિયમ મુજબ તેઓને, એચ.ટી. –એચ.વી.ડી.એસ. હેઠળ ની વીજલાઈન અન્વયે ના સ્વતંત્ર ટ્રાન્સફોર્મર માથી વીજપુરવઠો આપવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના ગામઃ જગા મેડી ખાતે આવેલ, હૈયાત ખેતીવાડી વીજજોડાણ નં.:૩૨૬૬૦/૦૧૦૨૨/૬ મા, તેઓએ વીજભાર વધારો મંજુર કરી અને જોડાણ ને ૧૮ હોપા નુ કરાવેલ હતુ. જે અન્વયે સર્વે કરી અને, હૈયાત વીજઈન્ફ્રાસ્ટ્રકચર મા, જોડાણ ના ગ્રુપ ના કુલ વીજભાર ને, વિભાજીત કરી અને નવા ટ્રાન્સફોર્મર ઉભા કરવાની મંજુરી મળેલ હતી. પરંતુ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી, જે નવુ ઉભુ થનાર ટ્રાન્સફોર્મર તેઓના જોડાણ ને સ્વતંત્ર મળી રહે, અને જોડાણ વાળા સ્થળ ની બીલકુલ નજીક, એટલેકે અરજદાર ની માલીકી ની જમીન પર જ ઉભુ થાય તે મુજબ ની હતી. |
| **૨.૨** | આ બાબતે, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, ફરી વખત સર્વે કરતા, હૈયાત ૧૧ કેવી વીજલાઈન માથી, નવી ૧૩૦ મીટર ૧૧ કેવી વીજલાઈન ઉભી કરી, અને તે મુજબ, અરજદાર શ્રી ની માંગણી મુજબ તેમના જોડાણ ના સ્થળ ની બીલકુલ નજીક જ, અરજદાર શ્રી ને મંજુર કરાયેલ વીજભાર વધારા સાથે ના, કુલ કરારીત વીજભાર ની ક્ષમતાવાળુ, ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની પુરી શકયતા જણાયેલ હતી. જેથી, આ મુજબ ની તાંત્રીક મંજુરી મેળવી, અરજદાર શ્રી પાસેથી વધારાના વીજભાર અન્વયે ની તફાવતીય રકમ રૂ.૫૦૫/–, જે તા.૦૬–૦૯–૧૬ ના રોજ વસુલ કરવામા આવેલ છે. આમ થતા, હવે અરજદાર શ્રી ને તેમના જોડાણ ના કુલ વીજભાર ની ક્ષમતા મુજબ નુ, યોગ્ય ક્ષમતાનુ ટ્રાન્સફોર્મર, જે તેમના જોડાણ વાળા સ્થળ – એટલેકે અરજદાર શ્રી ની અંગત માલીકી ની જમીન પર જ ઉભુ થશે. આમ થવાથી, હૈયાત વીજલાઈન ની સામે, વીજચોરી તેમજ પાવર અડચણ ની બાબતો, નહીવત થશે. સદર તમામ કામગીરી અરજદાર શ્રી ની, હાજરી, જાણકારી તેમજ સંતોષ અને, અરજદાર શ્રી ના તા.૦૭–૦૯–૧૬ ના સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

### મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ની તમામ બાબતો ધ્યાન મા રાખીને, પીજીવીસીએલ ને, મુદ્દા નં. ૨.૨ મુજબ ની વિગતો ની તાંત્રીક કામગીરી, અરજદાર શ્રી ના ફરીયાદ નિવારણ ની બાબતે યોગ્ય જણાયેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને, તેમના જોડાણ ના કુલ વીજભાર ની ક્ષમતા મુજબ નુ, તેમના જોડાણ વાળા સ્થળ – એટલેકે અરજદાર શ્રી ની અંગત માલીકી ની જમીન પર જ, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ જ, નવુ યોગ્ય ક્ષમતા નુ ટ્રાન્સફોર્મર પીજીવીસીએલ તરફથી, દિન–૨૦ મા ઉભુ કરવામા આવશે. આમ થવાથી, અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ ના ગ્રુપ ની, હૈયાત વીજલાઈન પર ની વીજચોરી તેમજ પાવર અડચણ ની બાબતોની ફરીયાદો નહીવત થશે. સદર તમામ કામગીરી, પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ની, હાજરી, જાણકારી તેમજ સંતોષ અને, અરજદાર શ્રી ના તા.૦૭–૦૯–૧૬ ના સંમતીપત્ર હેઠળ સંપન્ન થતા, પીજીવીસીએલ કક્ષાએથી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

| મુદ્દા નં.-૪: | હુકમ |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૭-૦૯-૧૬ ના સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં હવો જરૂરી છે..